કોંગ્રેસના ઉમેદવારની લેખિત ફરીયાદ બાદ ધનસુરા તાલુકામાં ૭ પ્રિસાઈડીંગ ઓફિસરો ચૂંટણી પૂર્વે જ બદલાયા

અરવલ્લી જિલ્લામાં અંદાજે ૭૨ ટકા મતદાન

અપક્ષ ગેલમાં, ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન, સરેરશ અંદાજે ૭૨ ટકા મતદાન

અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયતની ૩૦ સીટો તથા તાલુકા પંચાયતની ૧૨૮ સીટો મોડાસા નગર પાલિકાના કુલ ૯ વોર્ડની ૩૬ સીટો તથા તાલુકા ભાજપ-કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેતા જિલ્લામાં ચૂંટણી જીતવા બંને પક્ષોએ તમામ ઉપાયો અજમાવી મતદારોને ચૂંટણી મથક સુધી લાવવા આજે એડીચોટીનું જોર લગાવ્યું હતું. પાટીદાર આંદોલનની અસર ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી હતી. પાટીદાર અનામત આંદોલનને લઈને અપક્ષો જીતની આશા દેખાતા ગેલમાં આવી ગયા હતા. ૨૯ નવેમ્બર ૨૦૧૫ના રવિવારે યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીની રાહબરી હેઠળ વોટિંગ બૂથ પર કડક સુરક્ષા બંદોબસ્ત રહેતા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મતદારોએ નિરસતા દાખવતા બપોર સુધી ઉમેદવારોમાં સોપો પડી ગયો હતો. જિલ્લા અનેક વિસ્તારોમાં બોગસ વોટિંગ થતી હોવાની ફરિયાદો ઉઠી હતી.

અરવલ્લી જિલ્લાની ૩૦ જિલ્લા પંચાયત અને ૧૨૮ તાલુકા

પંચાયત અને મોડાસા નગરપાલિકાના કુલ ૯ વોર્ડ અને ૩૬ બેઠકો માટે નક્કી થયેલા ૯૩૮ મતદાન મથકો મતદારોએ મતાધિકારનો ઉપયોગ કરી વોટિંગ કર્યું હતું. મુક્ત-ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મતદાન માટે જિલ્લાના જુદા જુદા તાલુકા મથકોએ અને મોડાસા શહેરમાં વોટિંગ બૂથ ઉપર યુવાનો તેમજ વયોવૃદ્ધ નાગરીકોએ પોતાના મતનો ઉપયોગ કરી દેશના હિતમાં પોતાનું યોગદાન નોંધાવ્યું હતું. જિલ્લામાં શારીરિક વિકલાંક લોકોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં વિકલાંગતાને બાજુ પર રાખી મતદાન કરવા વોટિંગ બૂથ પર પહોંચતા વોટિંગથી દૂર રહેલા નાગરિકો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરાયા હતા. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ઉપરાંત તાલુકા પંચાયતની ટુણાદાર બૂથ પર બોગસ વોટિંગ થતું હોવાની જાણ થતા જિલ્લા ચૂંટણી પંચે અને વહીવટીતંત્રએ તાબડતોબ પહોંચી જઈ અફવાઓને થાળે પાળી હતી. જિલ્લાના તમામ તાલુકા અને જિલ્લાના જુદા જુદા મત વિસ્તારો અને અતિસંવેદનશીલ મતદાન મથકો અને વિસ્તારોમાં સઘન પોલીસ બંદોબસ્ત વચ્ચે ચૂંટણી માહોલ શાંતિપૂર્ણ સંપન્ન થયો હતો.

મોડાસા નગરપાલિકાના વોર્ડ નં. ૧, ૨, ૩, ૪ અને ૫ વિસ્તારોમાં ગત ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોને જીતમાં નિરાશા સાંપડતી હતી ત્યારે ભાજપના ૧૦ વર્ષથી શાસનમાં નગરનો વિકાસ અને ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાની અને પાટીદાર અનામત આંદોલનથી બદલાયેલા વાતાવરણમાં કોંગ્રેસના ધરખમ ઉમેવાદોરએ નિશ્ચિત જણાતી ભાજપાની સીટો પર જોરદાર ટક્કર આપતા ભાજપના ઉમેદવારોએ નિતનવા નૂસખા અપનાવી વિજય મેળવવા મરણીયો પ્રયાસ કર્યો હતો. અરવલ્લી જિલ્લાના સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં મતદાન પૂર્ણ થયા બાદ જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા નગરપાલિકામાં અપક્ષોની ભૂમિકા મહત્ત્વની સાબિત થશે તેવું જણાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરપાલિકા વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૯ એવા ચાંદટેકરી ખાતે સવારથી મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. મતદારો મતદાન મથકમાં વોટ આપવા જતી વખતે વોટર આઈ.ડી. કાર્ડ સાથે અન્ય એક પીળા કલરની કાપલી હાથમાં લઈ જતા હતા ત્યારે તેને લઈને વિવાદ થયો હતો. આ કાપલી પર ચોક્કસ પક્ષના ઉમેદવારો અને તેમના નિશાન હોવાથી આચારસંહિતા ભંગ થતી હોવાનું બહાર આવ્યું હતું. જે સંદર્ભે મોડાસા નગરપાલિકાના ચૂંટણી અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ લેવાયેલ પગલાંમાં મતદારો પાસેથી આવી કાપલીઓ તંત્ર દ્વારા લઈ તેનો નાશ કરીને ફરીથી આવું ન થાય તે માટે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ એજન્ટોને સૂચના આપી દેવામાં આવી હતી.

અરવલ્લીના છ તાલુકા મથકો પર થયેલ મતદાન

મોડાસા	૭૦.૬૦ટકા
ધનસુરા	૭૬.૪૫ટકા
માલપુર	૭૫.૭૦ટકા
મેઘરજ	૭૧.૫૫ટકા
બાયડ	૭૬.૨૦ટકા
ભિલોડા	૬૩.૬૭ટકા

કોંગ્રેસના ઉમેદવારની લેખિત ફરીયાદ બાદ ધનસુરા તાલુકામાં ૭ પ્રિસાઈડીંગ ઓફિસરો ચૂંટણી પૂર્વે જ બદલાયા

મોડાસા નગરપાલિકાના વોર્ડ નં. ૪ અને ૫માં ૨૦૦ વોટરના નામ મતદાર યાદીમાંથી ગાયબ હોવાની ફરિયાદ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લા તાલુકા પંચાયત અને મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં એકંદરે શાંતિ ભર્યા માહોલમાં મતદાન સંપન્ન થયું હતું. મતદાન શરૂ થયાના બે કલાકમાં ધીમું જણાતું મતદાન બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન વધવા પામ્યું હતું. જ્યારે ધનસુરા તાલુકાના કેટલાક મતદાન મથકો ઉપર મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. મતદારો મતદાન મથકમાં વોટ આપવા જતી વખતે વોટર આઈ.ડી. કાર્ડ સાથે અન્ય એક પીળા કલરની કાપલી હાથમાં લઈ જતા હતા ત્યારે તેને લઈને વિવાદ થયો હતો. આ કાપલી પર ચોક્કસ પક્ષના ઉમેદવારો અને તેમના નિશાન હોવાથી આચારસંહિતા ભંગ થતી હોવાનું બહાર આવ્યું હતું. જે સંદર્ભે મોડાસા નગરપાલિકાના ચૂંટણી અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ લેવાયેલ પગલાંમાં મતદારો પાસેથી આવી કાપલીઓ તંત્ર દ્વારા લઈ તેનો નાશ કરીને ફરીથી આવું ન થાય તે માટે રાજકીય પક્ષોના ઉમેદવારો તેમજ એજન્ટોને સૂચના આપી દેવામાં આવી હતી.

મોડાસા નગરપાલિકાના વોર્ડ નં.૫ અને ૬માં બોગસ વોટિંગની અફવાએ વાતાવરણના ગરમાવો

મોડાસા નગરપાલિકાના વોર્ડ નં. ૬ માં બોગસ વોટિંગ થતું હોવાની જિલ્લા ભાજપના મહામંત્રી ધીરુભાઈ પ્રજાપતિએ ચૂંટણીપંચને કરતા વહીવટીતં દ્વારા તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી બોગસ વોટિંગ થતું ન હોવાની સ્થાનિક ચૂંટણી અધિકારીઓદ્વારા જણાવતા હાશકારો અનુભવ્યો હતો. જયારે આસીયણા પ્રાથમિક શાળા નં. ૨માં પોલીસતંત્ર ટોળાને કાબૂમાં કરી શકતાં જિલ્લા પોલીસ વડાએ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી સ્થિતિ થાળે પાડી હતી.

મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં નિમાયેલા પ્રિસાઈડીંગ ઓફિસર સામે થયેલી ફરિયાદ બાદ જિલ્લા કલેક્ટરે તમામ પ્રિસાઈડીંગને તાબડતોબ અન્ય સ્થળે ખસેડ્યા હતા.

ધનસુરા જિલ્લા પંચાયતની બેઠક ઉપરના ભાજપી ઉમેદવાર જે હાઈસ્કૂલમાં નોકરી કરે છે તે જ હાઈસ્કૂલના શિક્ષકોને આ બેઠક ઉપરના મતદાન મથકો ઉપર નિમણૂક અપાઈ હતી. આ નિમણૂક સામે કોંગ્રેસ ઉમેદવાર સચિનભાઈ પટેલે એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસૂદનભાઈ મિસ્ત્રીનું માર્ગદર્શન મેળવી જિલ્લા કલેક્ટરને લેખિત ફરીયાદ કરી હતી. મળેલ ફરીયાદ સામે તથ્ય જણાતાં જિલ્લા તંત્ર દ્વારા તાબડતોબ શનિવારની મધ્યરાત્રીએ જ સાત પૈકીના ૬ પ્રિસાઈડીંગ ઓફિસરોને જિલ્લા પંચાયતની અન્ય બેઠક ઉપર ખસેડાયા હતા. જ્યારે અન્ય એક પ્રિસાઈડીંગ ઓફિસરનું બુથ બદલવામાં આવ્યું હતું. મોડાસા નગરપાલિકાના વોર્ડ નં. ૪માં ૫૦ અને વોર્ડ નં. ૫માં ૧૫૦ જેટલા મતદારોના નામ મતદારયાદીમાંથી જ ગાયબ હોવાની ફરીયાદ મતદાન મથકો ઉપર ઉઠી હતી.

રવિવારે સવારે ૮ કલાકે શરૂ થયેલા મતદાન પૂર્વે તંત્ર દ્વારા યોજાયેલ મોકપોલ દરમિયાન બાયડ તાલુકામાં ૪, ભિલોડા તાલુકામાં - ૩, ધનસુરા તાલુકામાં - ૨ અને નગરપાલિકા વિસ્તારમાં ૧ મળી કુલ ૧૦ ઈવીએમ ક્ષતિગ્રસ્ત જણાતાં સત્વરે બદલી સમયસર મતદાન શરૂ કરવામાં આવ્યું હતું.

રાજ્યભરમાં ઠંડીનો ચમકારો યથાવત : નલિયામાં ૯ ડિગ્રી

વહેલી સવારે અને મોડી રાતમાં ઠંડીનો અનુભવ : ગરમ વસ્ત્ર બજારમાં જોરદાર તેજી : ઠંડી વધવાના સ્પષ્ટ સંકેત

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ સહિત ગુજરાતભરમાં હવે તીવ્ર ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આજે પણ લોકોને તીવ્ર ઠંડીનો અનુભવ થતાં લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડ્યા હતા. નલિયામાં તાપમાન ઘટીને ૧૦થી પણ નીચે પહોંચી ગયું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન આજે ૯ ડિગ્રી થઈ ગયું હતું જ્યારે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું. પાટનગર ગાંધીનગરમાં ૧૪ અને ડિસામાં ૧૨.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ઠંડી વધી જવા માટેના કેટલાક કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. ઠંડીની શરૂઆત હવે થઈ ચુકી છે. આ સ્થિતિ યથાવત રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

અલબત્ત ગઈકાલની સરખાણમીમાં અમદાવાદમાં તાપમાનમાં વધારો થયો છે પરંતુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી તાપમાન ઘટવા માટેની અથવા તો કોલ્ડવેવની જારી કરાઈ નથી. પરંતુ ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. ફરી એકવાર અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો. સૌથી ઓછું લઘુત્તમ તાપમાન રાજ્યના નલિયામાં ૯ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. બીજી બાજુ છેલ્લા બે દિવસમાં ઠંડીમાં વધારો થતાં લોકો ગરમ વસ્ત્ર બજારમાં ઉમટી પડ્યા છે અને ગરમ વસ્ત્રોના બજારમાં તેજી આવી ગઈ છે. ટિબેટિયન બજારમાં વધારે ચહેલ પહેલ જોવા મળી રહી છે.

મહારાષ્ટ્ર : શનિના મંદિરમાં મહિલા તેલ ચઢાવવા પહોંચી

મહારાષ્ટ્રના લોકપ્રિય અને પ્રાચીન શનિ શિંગળાપુર ખાતેના મંદિરમાં એક મહિલા દ્વારા શનિ મહારાજને તેલ ચઢાવવામાં આવતા ભારે વિવાદ છેડાઈ ગયો હતો. આ બનાવ બન્યા બાદ આજે સવારે મંદિરનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના જણાવ્યાં અનુસાર ૪૦૦ વર્ષની પરંપરામાં પ્રથમવાર ચબુતરા પર ચઢીને શનિ મહારાજને મહિલાએ તેલ ચઢાવ્યું હતું. જેથી શુદ્ધિકરણની પ્રક્રિયા મોડેથી હાથ ધરવામાં આવી હતી. એક મહિલા ગઈકાલે શ્રદ્ધાળુઓની ભીડ વચ્ચે અચાનક શનિ મંદિરના ચબુતરા પર પહોંચી ગઈ હતી અને તેલ અર્પિત કરી દર્શન કર્યા હતા. સિક્યોરિટી ગાડર્સને આ મામલો સમજાય તે પહેલા મહિલા તેલ ચઢાવીને નીકળી ગઈ હતી. ૧૫ વર્ષ અગાઉ પણ શનિ મંદિરમાં મહિલાઓની એન્ટ્રી મુદ્દે વિવાદ થયો હતો. આ ઘટનાથી દેવસ્થાનની સુરક્ષાની પોલ ખુલી ગઈ છે. શ્રદ્ધાળુઓની લાગણી પણ દુભાઈ છે. ઘટના બાદ ગ્રામસભાએ મંદિરના શુદ્ધિકરણનો નિર્ણય લીધો હતો. પરંપરા પ્રમાણે આ મંદિરમાં પાછલા ૪૦૦ વર્ષોથી કોઈ પણ મહિલાને અંદર જઈને તેલ ચઢાવવા કે પુજન કરવાની મંજુરી આપવામાં આવી નથી. ટ્રસ્ટના દાવા પ્રમાણે મુંબઈ હાઈકોર્ટે પણ આ પરંપરાને યોગ્ય ઠેરવી હતી.

અસહિષ્ણુતાના મુદ્દે મોદી સરકાર પર પ્રહારો કરવા વિપક્ષ સુસજ્જ

નવીદિલ્હી, તા. ૨૯

સંસદનું શિયાળુ સત્ર મોદી સરકાર માટે પડકારરુપ બની રહ્યું છે. આવતીકાલથી સંસદમાં સરકારને મુશ્કેલ સપ્તાહનો સામનો કરવો પડી શકે છે. વિરોધ પક્ષો સમાજમાં અસહિષ્ણુતાના મુદ્દે ચર્ચા કરવાની માંગ કરીને બંને ગૃહોમાં અનેક વખત નોટિસો આપી દીધી છે. સાથે સાથે ઉશ્કેરણીજનક નિવેદન કરવા બદલ કેટલાક પ્રધાનો સામે પગલા લેવાની માંગણી પણ કરવામાં આવી છે. કોંગ્રેસ અને જેડીયુ દ્વારા રાજ્યસભામાં ચર્ચા માટેની નોટિસ આપી દેવામાં આવી છે. નિયમ ૨૬૭ હેઠળ કારોબારને મોકૂફ કર્યા બાદ ચર્ચાની માંગ કરવામાં આવી છે. જ્યારે લોકસભામાં કોંગ્રેસ અને સીપીઆઈએમ દ્વારા નિયમ ૧૮૩ હેઠળ ચર્ચા માટેની નોટિસ આપવામાં આવી છે. નિયમ ૧૮૩માં ચર્ચા બાદ મતદાનની કોઈ જોગવાઈ રહેલી નથી.સાથે સાથે આમા કારોબારને મોકૂફ રાખી આગળ વધવાની પણ જરૂરિયાત પણ રહેલી નથી. લોકસભામાં સોમવારના દિવસે એટલે કે આવતીકાલે આ મામલો હાથ ધરવામાં આવે તેવી ચર્ચા દેખાઈ રહી છે જ્યારે રાજ્યસભામાં આ સપ્તાહમાં કોઈપણ દિવસે ચર્ચા થઈ શકે છે. ભારતના બંધારણ પ્રત્યે પ્રતિબદ્ધતા અંગે ચર્ચાની પૂર્ણાહૂતિ બાદ સપ્તાહમાં ચર્ચા થઈ શકે છે. નાણામંત્રી અરુણ જેટલીએ ૨૭મી નવેમ્બરના દિવસે ચર્ચા છેડી હતી. ૨૬મી નવેમ્બરના દિવસે શરૂ થયેલા સત્રના પ્રથમ બે દિવસ કામગીરીમાં જતા રહ્યા હતા. કારણ કે, પક્ષોએ આંબેડકરની જન્મજયંતિના પ્રસંગે બંધારણ પર ચર્ચાને રોકવાની ભુલ કરી ન હતી. વિરોધ પક્ષોએ દેશમાં વધતા જતા અસહિષ્ણુતાના બનાવ અને કોમી હિંસાના મુદ્દે સરકાર પર પ્રહાર કર્યા હતા. જો કે, વાસ્તવિક કસોટીનો ગાળો સરકાર માટે હવે શરૂ થશે. હવે વૈધાનિક અજેન્ડાને હાથ ધરવામાં આવનાર છે. ઉશ્કેરણીજનક ભાષણ કરવા બદલ પ્રધાનો સામે પગલા લેવાની માંગ કરવામાં આવી છે. ગૃહ દ્વારા ઠરાવ પસાર કરવાની માંગ પણ થઈ ચુકી છે. કોંગ્રેસ, જેડીયુ, સીપીઆઈએમ, તૃણમુલ સહિતના વિરોધ પક્ષો ચર્ચાની માંગ કરી ચુક્યા છે. વિરોધ પક્ષના મુદ્દા પર સરકાર કેવો જવાબ આપે છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે. ગૃહમાં વિપક્ષના નાયબ નેતા આનંદ શર્મા દ્વારા કોંગ્રેસની નોટિસ રજૂ કરવામાં આવી હતી. પાર્ટી સરકાર પર આક્રમક હુમલા કરવાની યોજના ધરાવે છે. અસહિષ્ણુતાના મુદ્દો જોરદાર રીતે ચમકે તેવી શક્યતા છે.

જેડીયુના જનરલ સેક્રેટરી કેસી ત્યાગી પણ આ મુદ્દા પર ચર્ચા કરવા નિયમ ૨૬૭ હેઠળ અલગ નોટિસ આપી ચુક્યા છે. જેડીયુ દ્વારા ઉશ્કેરણીજનક સૂચનો કરવા બદલ પાંચ કેન્દ્રીય મંત્રીઓના રાજીનામાની માંગ કરી છે. ત્યાગીનું કહેવું છે કે, વડાપ્રધાને પણ અંગત રીતે પગલા લેવાનો સંકેત આપવો જોઈએ.

૭૦ ટકા મતદાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બહારગામ રહેતા મતદારો પણ મતદાન કરવા માટે આવેલા ઘણા સ્થાનો પર જોવા મળ્યા હતા.

આજના મતદાનમાં પુરુષ મતદારની સાથે મહિલા મતદારોએ પણ ભારે જાગૃતિ સાથેનો ઉત્સાહ દાખવી અને મતદાન કર્યું હતું. જિલ્લામાં પાંચ લાખ જેટલા મતદારોએ મતદાન કર્યાના અહેવાલો છે.

વિજયનો વિશ્વાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો વિજયી થશે તેમજ ત્રણેય તાલુકા પંચાયતો અને બે નગરપાલિકામાં પણ કોંગ્રેસ સત્તા સંભાળશે.

જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી હિતેન્દ્ર પટેલે પણ જિલ્લા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજયની ચૂટણીમાં તેમના પક્ષનો વિજય થશે તેવો વિશ્વાસ વ્યકત કરી અને મતદારો પ્રત્યે આભારની લાગણી દર્શાવી હતી.

તેમણે જણાવ્યું કે વિકાસને જ રાજનીતિ તરીકેનો જનાદેશ આજના મતદાનમાં મતદારોએ આપ્યો છે તેવું અમારૂ સ્પષ્ટ માનવું છે. શ્રી હિતેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે મતદારો આજે સ્વયંભુ રીતે ઉત્સાહપૂર્વક મતદાનમાં જોડાયા હતા તે મજબુત લોકશાહીની શ્રેષ્ઠ નિશાની છે.

તેમણે જણાવ્યું હતું કે ૨૩ ડિસેમ્બરે પરીણામો આવતાં જ દૂધનું દુધ અને પાણીનું પાણી સ્પષ્ટ થઈ જશે. શાસન માટે જરુરી બહુમતિ સાથે ભાજપ જિલ્લાની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સત્તા સંભાળશે.

ભારે મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોરદાર ઉત્સુકતા જોવા મળી હતી. આ વખતે ૩૧ જિલ્લા પંચાયત માટે ૯૮૮થી પણ વધુ ઉમેદવાર ચુંટણી મેદાનમાં છે. ૯૮૮ બેઠક માટે કોંગ્રેસ અને ભાજપે તમામ જગ્યાઓએ મેદાનમાં પોતાના ઉમેદવારો ઉતાર્યા છે. ૩૧ અપક્ષ ઉમેદવારો પણ આ બન્ને પાર્ટીની ગણતરી બગાડવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. રાજ્ય ચુંટણી પંચ દ્વારા આપવામાં આવેલા સત્તાવાર આંકડા મુજબ ૫૬ નગરપાલિકાની ચુંટણી માટે મેદાનમાં રહેલા ભાજપના ૧૯૪૫ ઉમેદવાર, કોંગ્રેસના ૧૮૦૧ ઉમેદવાર, ૪૬૮ અન્ય અને ૧૦૮૦ અપક્ષ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. ૨૭ ઉમેદવારને પહેલાથી જ બિનહરિફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. ૨૩૦ તાલુકા પંચાયતની ચુંટણીમાં મતદાન પૂર્ણ થયા બાદ ભાજપના ૭૭૧૬ ઉમેદવાર, કોંગ્રેસે ૪૬૯૭ ઉમેદવાર, ૬૫૭ અન્યો અને ૧૫૯૫ અપક્ષ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પહેલાથી જ ૫૪ને બિનહરિફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. આ વખતની ચુંટણી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ માટે ખૂબ જ પડકારરૂપ ગણવામાં આવી રહી છે. કોંગ્રેસ તરફથી પણ પ્રચારની જવાબદારી શંકરસિંહ વાઘેલા, ભરતસિંહ સોલંકીએ સંભાળી હતી. ભાજપ અને કોંગ્રેસે પ્રચારના છેલ્લા દિવસે એકબીજા ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. છ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં હજારો મતદારોના નામ ડિલીટ થઈ ગયા બાદ આ મુદ્દો પણ ચુંટણી પ્રચારમાં ચર્ચાયો હતો. પ્રચારના છેલ્લા દિવસે વાઘેલા અને ભરતસિંહ સોલંકીએ આક્ષેપ કર્યો હતો કે, રાજ્યના મુખ્ય ચુંટણી કમિશનર વરેશ સિન્હા રાજ્યમાં ભાજપ સરકારના હાથમાં રમી રહ્યા છે અને તેમના ઈશારે કામ કરી રહ્યા છે. આજે જિલ્લા, તાલુકા અને નગરપાલિકા ચૂંટણી માટે મતદાન યોજાયા બાદ હવે બીજી ડિસેમ્બરના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવનાર છે.

અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

રાષ્ટ્રવાદી હતા? ૫. કોંગ્રેસના બે ધારાસભ્યો શીખ તરીકે સરબત ખાલસામાં ગયા હતા અને ઠરાવ થાય એ પહેલાં મંચ પરથી નીચે ઉતરી ગયા હતા. કોંગ્રેસ એ ઠરાવો સાથે અસમંત છે છતાં રાષ્ટ્રવિરોધી કઈ રીતે?

જોકે પંજાબના રાજકારણમાં પક્ષપલટા અને આયારામ-ગયારામના ખેલ લાંબા સમયથી ચાલતા આવ્યા છે. મુખ્યપ્રધાન પ્રકાશસિંહ બાદલના પરિવારનો શિરોમણિ અકાલીદળ પર રીતસર કબજો છે. ક્યારેક અમરીન્દર સિંહ પણ અકાલીદળના નેતા હતા. બાદલના જમાઈ અને પંજાબના પ્રથમ મુખ્યપ્રધાન પ્રતાપસિંહ કૈરાંના પૌત્ર આદેશ પ્રતાપ પણ પહેલાં કોંગ્રેસમાં હતા, હવે અકાલી દળમાં છે. ખાલિસ્તાનની ખુલ્લેઆમ માગણીને ભારતીય બંધારણ વિરોધી નહીં ગણનારા આઈપીએસમાંથી રાજનેતા બનેલા માન અને અમરીન્દર સિંહ સગ્ગા સાઢુભાઈ છે.

પંજાબમાં કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની પદયાત્રાને ખૂબ સારો પ્રતિસાદ મળ્યાથી અકાલી દળના નેતાઓ વ્યથિત હોવાનું જણાવતા અમરીન્દર સિંહ પર પંજાબ કોંગ્રેસના પ્રમુખ બાજવાનો ખુલ્લેઆમ આક્ષેપ છે કે તેઓ ભાજપની રમત રમી રહ્યા છે અને આવતી બૈશાખીએ (૧૩ એપ્રિલે) કોંગ્રેસમાં ભાગલા પાડીને અલગ પક્ષ રચી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સાથે જોડાણ કરશે. જ્યારે આતંકવાદ ચરમસીમાએ હતો ત્યારે પંજાબમાં ૧૦ હજાર હિંદુઓની હત્યા થયાની વાત અમરીન્દર ભારપૂર્વક કહી હવે ભાજપાને રાજી કરવાની કોશીશમાં હોય એવું લાગે છે.

પંજાબ કોંગ્રેસના જ પ્રમુખ કહે છે, અમરીન્દરની પત્ની (પૂર્વ કેન્દ્રીય મંત્રી) સામેની આવકવેરા તપાસોમાં મોદી સરકાર તેમને દબાવે છે. લલિત મોદી પ્રકરણ અને મધ્યપ્રદેશના વ્યાપમ કૌભાંડ અંગે લોકસભામાં બોલવું ના પડે એટલે તેઓ સંસદમાં ગેરહાજર રહ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૧૫માં બાજવાએ અમરીન્દર પર આવા આક્ષેપ કરવાની સાથે જ તેઓ બિહારની ચૂંટણીનાં પરિણામોની પ્રતીક્ષા કરી રહ્યાનું પણ કહ્યું હતું. અમરીન્દરને બિહારમાં ભાજપ વિજયી થવાનો અંદેશો હતો. જોકે બિહારમાં ભાજપના કરુણ રકાસ પછી સમગ્ર ભારતમાં નવો રાજકીય માહોલ સર્જાશે એટલે પંજાબમાં ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી પહલાં તો ઘણા બધા પલટા જોવા મળશે.